જીવસ્વરૂપ-પરામનોવૈજ્ઞાનિક દષ્ટિબિંદુ

ડૉ. નારાયણ મ. કંસારા

૧. દાર્શનિક માન્યતા

પ્રખર જૈનાચાર્ય ઉમાસ્વાતિએ જીવના બે પ્રભેદો દર્શાવ્યા છે : સંસારી અને મુક્ત.[૧] વાદિદેવ-સૂરિએ સંસારી જીવના સ્વરૂપ અંગે નિરૂપણ કરતાં કહ્યું છે કે તે પ્રત્યક્ષાદિ પ્રમાણો દ્વારા સાબીત થાય છે, કેમકે તે ચૈતન્ય સ્વરૂપ, પરિણામી, કર્તા, ભોક્તા, સ્વદેહપરિમાણ, પ્રત્યેક શરીરમાં ભિન્ન અને પૌદ્ગલિક કર્મો લાગેલો છે.[૨] પંડિત સુખલાલજીએ જીવસ્વરૂપ પરત્વે જૈન દૃષ્ટિનું મુદ્દાસર વિશ્લેષણ કરતાં નોંધ્યું છે કે[૩] (૧) જીવ અસ્તિત્વ ધરાવે છે અને તે સ્વાભાવિક ચૈતન્યમય, સ્વતંત્ર અને તેથી અનાદિનિધન છે.[૪] (૨) જીવો અનેક, અનંત અને દેહભેદે ભિન્ન છે. (૩) જીવમાં અનેક શક્તિઓ પૈકી મુખ્ય અને સર્વને સર્વસંવિદિત થઈ શકે એવી શક્તિઓ છે જ્ઞાનશક્તિ, પુરુષાર્થ-વીર્ય-શક્તિ અને શ્રદ્ધા-સંકલ્પશક્તિ, જે એનું અભિન્ન સ્વરૂપ છે.[૫] (૪) વિચાર અને વર્તન અનુસાર જીવમાં સંસ્કારો પડે છે અને એ સંસ્કારોને ઝીલતું એક પૌદ્ગલિક શરીર તેની સાથે રચાય છે, જે મૃત્યુ પછી બીજો દેહ ધારણ કરવા જતી વખતે તેની સાથે જ રહે છે.[૬] (૫) જીવ સ્વતંત્રપણે ચેતન અને અમૂર્તસ્વરૂપ હોવા છતાં તેણે સંચિત કરેલાં કર્મો મૂર્ત શરીર સાથે જોડાવાથી, તે શરીરની હયાતિ સુધી, મૂર્ત જેવો બની જાય છે.[૭] (૬) શરીર અનુસાર તેનું પરિમાણ ઘટે યા વધે છે. પરિમાણની હાનિ-વૃદ્ધિ એ એના મૌલિક દ્રવ્યતત્ત્વમાં અસર નથી કરતી; એનું મૌલિક દ્રવ્ય કે કાઠું જે હોય તે જ રહે છે; માત્ર પરિમાણ નિમિત્તભેદે વધે વા ઘટે છે.[૮] (૭) સમગ્ર જીવરાશિમાં સહજ યોગ્યતા એક સરખી છે, છતાં તેના પુરુષાર્થ અને અન્ય નિમિત્તોના બળાબળ ઉપર દરેક જીવનો વિકાસ અવલંબિત છે. (૮) વિશ્વમાં એવું કોઈ સ્થાન નથી જ્યાં સૂક્ષ્મ અથવા સ્થૂલ શરીરી જીવોનું અસ્તિત્વ ન હોય.

જીવ વિષેની જૈન દાર્શનિક ધારણા પ્રાથમિક અને સર્વ સાધારણને બુદ્ધિગ્રાહ્ય લાગે છે. પંડિત સુખલાલજીએ એ વાત ખાસ નોંધી છે કે[૯] ઈ. સ. પૂર્વે આઠમા સૈકામાં થયેલ ભગવાન પાર્શ્વનાથની નિર્વાણસાધનાના આધાર લેખે એ જીવવાદની કલ્પના સુસ્થિર થયેલી હતી, અને જૈન પરંપરામાં આ માન્યતામાં અત્યાર સુધીમાં કશો મૌલિક ફેરફાર થયો નથી.

જીવ પરત્વે જૈન, સાંખ્ય-યોગ અને ન્યાય-વૈશેષિક દૃષ્ટિઓની પરસ્પર વિગતવાર તુલના કરીને પંડિત સુખલાલજીએ તારણ એમ કાઢ્યું છે કે[૧૦] જીવને કૂટસ્થનિત્ય ઠરાવવા માટે સાંખ્ય-યોગ પરંપરાએ ચેતનામાં કોઈ પણ જાતના ગુણોનું અસ્તિત્વ જ ન સ્વીકાર્યું. અને જ્યાં અન્ય દ્રવ્યના સંબંધથી પરિવર્તન યા અવસ્થાન્તરનો પ્રશ્ન આવ્યો ત્યાં તેણે એને માત્ર ઉપચરિત યા કાલ્પનિક માની લીધું. બીજી બાજુ ન્યાય-વૈશેષિક પરંપરાએ સ્વરૂપતઃ કૂટસ્થનિત્યત્વ સાચવવા દ્રવ્યમાં ઉત્પન્ન થનારા અને નાશ પામનારા ગુણોને સ્વીકાર્યા, છતાં તેને લીધે આધારદ્રવ્યમાં કશું જ વાસ્તવિક પરિવર્તન યા અવસ્થાન્તર થતું હોવાનું તેણે નકાર્યું. એના સમર્થનમાં એમણે યુક્તિ એ રજૂ કરી કે આધાર દ્રવ્ય કરતાં ગુણો સર્વથા ભિન્ન છે, એટલે એમનો ઉત્પાદ-વિનાશ એ કાંઈ આધારભૂત જીવદ્રવ્યનો ઉત્પાદ-વિનાશ કે અવસ્થાન્તર ન ગણાય. ઉપરાંત ન્યાય-વૈશેષિક પરંપરાએ જૈન અને સાંખ્ય-યોગ પરંપરાની પેઠે દેહભેદે ભિન્ન એવા અનંત અનાદિનિધન જીવદ્રવ્યો સ્વીકાર્યાં, પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન પરંપરાની પેઠે તેને મધ્યમ પરિમાણ ન માનતાં, સાંખ્ય-યોગ પરંપરાની જેમ સર્વવ્યાપી માન્યાં; દ્રવ્યદૃષ્ટિએ જીવતત્ત્વનું કૂટસ્થનિત્યત્વ સાંખ્ય-યોગ પરંપરાની જેમ જ સ્વીકાર્યું, છતાં ગુણ-ગુણિભાવ યા ધર્મધર્મિભાવની બાબતમાં સાંખ્ય-યોગ પરંપરાથી જુદા પડી અમુક અંશે જૈન પરંપરા સાથે સામ્ય પણ જાળવ્યું. આથી અલગ પડીને જૈન પરંપરાએ જીવતત્ત્વમાં સાહજીક અને સદાતન એવી ચેતના, આનંદ, વીર્ય આદિ અભિન્ન શક્તિઓ સ્વીકારી તેના પ્રતિક્ષણ નવાં નવાં પરિણામો યા પર્યાયો સ્વીકાર્યા, જેથી શરીરયોગ ન હોય તેવી વિદેહમુક્ત અવસ્થામાં પણ જીવ-તત્ત્વમાં સહજ ચેતના, આનંદ, વીર્ય આદિ શક્તિઓનાં વિશુદ્ધ પરિણામો યા પર્યાયોનું ચક્ર ચાલ્યા કરે છે એવું માનવું સુસંગત ઠરે.

૨. દૃષ્ટિભેદનું કારણ

દાર્શનિક આચાર્યોમાંથી સાંખ્ય પરંપરાના મૂળ પ્રવક્તા કપિલનો શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાનની સર્વશ્રેષ્ઠ વિભૂતિઓમાં સિદ્ધ તરીકે ઉલ્લેખ થયો છે,[૧૧] અને તેમને શ્રીમદ્ ભાગવતમાં વિષ્ણુના પંચમ અવતાર તરીકે ગણાવ્યા છે.[૧૨] યોગ પરંપરાના આદિ પ્રવકતા તરીકે હિરણ્યગર્ભને સ્વીકારવામાં આવે છે.[૧૩] ન્યાયદર્શનના મૂળ પ્રવકતા મહર્ષિ ગૌતમ મહાન ઋષિ હતા. વૈશેષિકદર્શનના આદ્ય પ્રવકતા કણાદ પ્રખર તપસ્વી અને દેવતાના સાક્ષાત્કારી હતા.[૧૪] જૈન તીર્થંકર પાર્શ્વનાથ પણ દિવ્ય અલૌકિક અપરોક્ષ કેવલજ્ઞાન ધરાવનાર મહાપ્રસિદ્ધ હતા. આ સાક્ષાત્કારી મહાપુરુષોને જીવતત્ત્વનો સાક્ષાત્કાર થયો હોવાથી તેઓએ એ અંગેના પોતાના નિરૂપણમાં તર્કદૃષ્ટિને પ્રાધાન્ય ન આપતાં અનુભવમૂલક પ્રત્યક્ષ વ્યવહારમાંનાં ઉદાહરણો અથવા રૂપકોનો ઉપયોગ કરવાનું વધુ યોગ્ય લેખ્યું હતું. પરંતુ આ સાક્ષાત્કારી મહાપુરુષોની શિષ્યપરંપરામાં પાછળથી જે તે દર્શનગત મુદ્દાઓના સ્પષ્ટ સમજૂતી માટે બૌદ્ધિક છણાવટ અને સંપ્રદાય રક્ષા અર્થે એકબીજાની માન્યતાઓનું તર્કમૂલક ખંડનમંડન કરનાર આચાર્યો થયા. એ વિદ્વાનો કેવળ બુદ્ધિ દ્વારા તેનાથી પર એવા તત્ત્વને પકડવા મથતા હતા, અને ઉપનિષદ્ના ઋષિઓની **नैषा तर्केण मतिरापनेया**[૧૫] એ સ્પષ્ટ ચેતવણીને અવગણીને આ વિષય બુદ્ધિની સીમા બહારનો, કેવળ સ્વાનુભવગમ્ય છે, અને એ સ્વાનુભવ દીર્ઘકાલીન તપ અને યોગાભ્યાસ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે તે વાત જ વીસરી જવા લાગ્યા. પરિણામે જેટલી વધુ સ્પષ્ટતા કરવા ગયા તેટલી વધુ ગૂંચવણમાં ફસાતા ગયા! અને મૂળ તત્ત્વ તો પકડની બહાર જ રહ્યું!!

૩. સાક્ષાત્કારી પુરુષોનો મૂળ ઉપદેશ

બધા જ સાક્ષાત્કારી મહર્ષિઓ અને સિદ્ધોએ એ નિર્વિવાદ રીતે સ્વીકાર્યું છે કે જીવ શરીરથી અલગ તત્ત્વ છે; અને જુદાં જુદાં શરીરોમાં એ બંધાઈને જુદી જુદી યોનિઓમાં જન્મમરણના ચક્રમાં ભમ્યા કરે છે. શરીર નશ્વર છે અને જીવ શાશ્વત છે. તીર્થંકર ભગવાન પાર્શ્વનાથના ઉપદેશને જ તીર્થંકર ભગવાન મહાવીરે શિષ્યો સાથેના સંવાદમાં જે તે પ્રસંગે પ્રશ્નના અનુસંધાનમાં જવાબો આપીને વણી લઈ તત્ત્વની સમજૂતી આપી. જૈન પરંપરામાં જીવના નિરૂપણમાં તેના શરીર-પરિમાણના મુદ્દાને ઘણું જ મહત્ત્વ આપવામાં આવ્યું છે, કારણ કે તે અંગે પ્રશ્નો પૂછનાર જીજ્ઞાસુ શ્રાવકોએ આ મુદ્દા પરત્વે જ વધુ સ્પષ્ટતાની અપેક્ષા રાખી હશે એવું મૂળ આગમ ગ્રંથો પરથી જણાય છે. ઉત્તરકાલીન વાદગ્રંથોમાં આ મુદ્દાનું સ્પષ્ટીકરણ માત્ર બૌદ્ધિક ચર્ચાના સ્તરે થયેલ છે, જ્યારે મૂળ તીર્થંકરોએ એની સ્પષ્ટતા સ્વાનુભાવને આધારે અને જીજ્ઞાસુ સાધકના રોજબરોજના જીવનમાંના વ્યાવહારિક અનુભવમૂલક ઉદાહરણો અને તે ઉપર આધારિત વાસ્તવવાદી તર્કની સહાયથી કરી છે. આ દૃષ્ટિએ મૂળ આગમગ્રંથોમાંની ચર્ચાનું થોડુંક સિંહાવલોકન કરવા જેવું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન આગમસાહિત્યમાં જીવના અસંખ્ય અનંત પર્યાયો, જીવનું દેહપરિમાણ, જીવનો સંકોચ-વિસ્તારી સ્વભાવ વગેરે મુદ્દાઓની ચર્ચા પંચાસ્તિકાય, સર્વાર્થસિદ્ધિ, રાજવાર્તિક, શ્લોકવાર્તિક, પ્રવચનસાર, કાર્તિકેયાનુપેક્ષા, અનગારધર્મામૃત, તત્ત્વાર્થસૂત્ર, ષટ્‌ખંડાગમ, ગોમ્મટસાર ઇત્યાદિ ગ્રંથોમાં થયેલી છે.[૧૬] મૂળ આગમગ્રંથોમાંથી 'રાયપસેણુઇયસુત્ત'માં વિસ્તારથી અને 'પણ્ણવણાસુત્ત'માં સંક્ષેપમાં આ ચર્ચા જોવા મળે છે. 'પણ્ણવણાસુત્ત'માં મહાવીરસ્વામી અને ગૌતમના સંવાદમાં જીવના અસંખ્ય પર્યાયો છે એનું કારણ દર્શાવતાં કહ્યું છે કે અસુરકુમારો, નાગકુમારો, સુવર્ણકુમારો, વિદ્યુતકુમારો, અગ્નિકુમારો, દ્વીપકુમારો, ઉદધિકુમારો, દિશાકુમારો, વાયુકુમારો, સ્તનિતકુમારો, પૃથ્વીકાયો, અપ્કાયો, તેજસ્કાયો, વાયુકાયો, વનસ્પતિકાયો, દ્વીન્દ્રિયો, ત્રીન્દ્રિયો, ચતુરિન્દ્રિયો, પંચેન્દ્રિયો, તિર્યગ્યોનિઓ, મનુષ્યો, વાણમંતરો, જ્યોતિષિઓ, વૈમાનિકો અને સિદ્ધો અસંખ્ય અને અનંત છે, તેથી જ જીવના અસંખ્ય અને અનંત પર્યાયો છે.[૧૭] આ ચર્ચામાં 'પર્યાય' શબ્દ પ્રકારવાચી કે દ્રવ્યધર્મવાચી જણાય છે. 'રાયપસેણુઇય'માં કુમાર કેશીશ્રમણ અને રાજા પ્રદેશીના સંવાદમાં જીવના શરીરપરિમાણ અંગેની ચર્ચામાં આ પર્યાયોની અનંતતા અને અસંખ્યેયતાના આધારે જ વધુ સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે જીવ અવાજની જેમ પૃથ્વી, શિલા કે પર્વતને ભેદીને બહાર નીકળી જઈ શકે છે;[૧૮] પ્રદીપની જેમ પોતાના પ્રકાશ વડે પોતાના અસંખ્ય પ્રદેશો કે પર્યાયો દ્વારા નાના કે મોટા શરીરમાં વ્યાપી શકે છે;[૧૯] જીવ દસસ્થાનોવાળો અને છદ્મસ્થ, અર્થાત્ અસર્વજ્ઞ, હોવાથી તેને સર્વતઃ જાણી શકાતો નથી, કેમકે જેમને જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયાં હોય તેવા કે વળી જિન અર્હંતો જ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અશરીરબદ્ધ જીવ, પરમાણુ પુદ્‌ગલ, શબ્દ, ગંધ, વાત, અમુક જીવ જિનપદ પામશે કે નહિ, અમુક જીવ સર્વદુઃખોનો અંત પામશે કે નહિ વગેરે બાબતો અંગે જાણકારી મેળવી શકે છે.[૨૦] ઉપરોક્ત મૂળ આગમગ્રંથોમાંની ચર્ચા ઉપરથી એ ફલિત થાય છે કે જીવના સ્વરૂપ અંગેની મૂળ જૈન દૃષ્ટિ બૌદ્ધિક ચર્ચા ઉપર નહીં, પણ મૂળ તીર્થંકરોના અતીન્દ્રિયકક્ષાના—Clairvoyance સ્વરૂપના-સ્વાનુભવ ઉપર અવલંબિત છે. આ દૃષ્ટિએ જૈન આગમગ્રંથો અને વેદબ્રાહ્મણધર્મી ઉપનિષદોના તર્કવિષયક ઉપરોક્ત ઉદ્‌ગાર વચ્ચે ખૂબ સામ્ય છે. અહીં પ્રશ્ન એ છે કે જો ઉપરોક્ત દૃષ્ટિબિંદુ અતીન્દ્રિય સ્વાનુભવમૂલક હોય તો આધુનિક પરામનોવિજ્ઞાનનાં સંશોધનોને આધારે એની કોઈ સંગતિ બેસી શકે ખરી? આ વિચારણા માટે પરામનોવિજ્ઞાનના ક્ષેત્રે થોડોક દૃષ્ટિપાત કરીએ, અને તપાસીએ કે બ્રાહ્મણધર્મી ઋષિઓ, બૌદ્ધ ધર્મના પ્રવર્તક ભગવાન બુદ્ધ અને જૈન ધર્મના તીર્થંકરોએ જીવના સ્વરૂપ અંગે પોતપોતાનાં અલગ રીતનાં પ્રતિપાદન કર્યાં તે બધાં જ વસ્તુતઃ સત્ય છે, છતાં પરસ્પર વિરોધી જણાય છે તેનું કારણ શું છે?

૪. પરામનોવૈજ્ઞાનિક સંશોધનો

પરામનોવિજ્ઞાન એ આ સદીમાં જ અમેરિકા અને બીજા પાશ્ચાત્ય દેશોમાં વિકસેલું એક નવું જ વિજ્ઞાન છે, જેનો ઊંડો અભ્યાસ કરનાર વૈજ્ઞાનિકોના 'પૅરાસાઈકોલૉજી એસોસિયેશન'ને આંતરરાષ્ટ્રીય પ્રચંડ માન્યતા પ્રદાન કરનાર 'અમેરિકન એસોસિયેશન ફૉર એડવાન્સમેન્ટ ઑફ સાયંસ' (AAAS) દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે એક વિજ્ઞાન તરીકેની માન્યતા છેક ઈ. સ. ૧૯૬૯થી મળી ચૂકી છે.[૨૧] આ 'પેરાસાયકોલોજી એસોસિયેશન' (PA)ના બે તૃતીયાંશથી વધુ સભ્યો પરામનોવિજ્ઞાનના ક્ષેત્રે ડૉક્ટરેટ ડિગ્રી પ્રાપ્ત કરનાર સંશોધક વૈજ્ઞાનિકો છે, અને એમણે દુનિયાભરમાંથી આ વિષેના સંશોધન. લેખોનો બહુ વિશાળ સંગ્રહ એકઠો કર્યો છે. આજે આ નવા વિજ્ઞાનની ટેલીપથી, સાઇકોકાઈનેસીસ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાયો-ફિડબૅક-ટ્રેઈનિંગ, માઇન્ડ-ટ્રાવેલ, સાઇકીક સર્જરી વગેરે અનેક શાખાઓ પણ વિકસી છે, અને એકસઠ સંસ્થાઓમાં આ ક્ષેત્રે સંશોધન કાર્ય ચલાવી રહી છે.[૨૨]

આપણી પ્રસ્તુત જીવસ્વરૂપ વિષયક વિચારણાની દૃષ્ટિએ પરામનોવિજ્ઞાનના ક્ષેત્રે કેટલાક વૈજ્ઞાનિકોએ રસપ્રદ સંશોધન કાર્ય કર્યું છે. ઈ. સ. ૧૯૭૭માં બ્રીટનમાંની ઑક્સફર્ડ યુનિવર્સિટીના ઝૂલૉજીના પ્રોફેસર સર ઍલિસ્ટર હાર્ડીએ માન્ચેસ્ટર કૉલેજમાં 'રિલિજીયસ એક્સપિરિયન્સ રીસર્ચ યુનિટ' સ્થાપીને ધાર્મિક અનુભવોના પાંચ હજાર નમૂનાઓ એકઠા કરવાનો પ્રોજેક્ટ હાથ ધર્યો હતો, અને ઈ. સ. ૧૯૭૪ સુધીમાં તેમને સાડા ત્રણ હજાર અનુભવોની નોંધો પ્રાપ્ત થઈ ચૂકી હતી, જેમાંથી એક હજાર અનુભવોનું તેમણે વિશ્લેષણ કર્યું છે.[૨૩] બીજી બાજુ, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા પ્રખર મનોવૈજ્ઞાનિક સંશોધક ડૉ. હેરેવાર્ડ કેરિંગ્ટને છેક ઈ. સ. ૧૯૨૫ના અરસામાં 'મૉડર્ન સાઇકિકલ ફિનોમિના' નામનો ગ્રંથ પ્રકાશિત કર્યો હતો જેમાં એણે એમ. ચાર્લ્સ લેન્સેલીનના સંશોધન કાર્યનો સાર આપતું પ્રકરણ લખ્યું હતું, અને પાછળથી તે પ્રકરણનો વિસ્તાર કરીને 'હાયર સાઇકોલૉજીકલ ડેવલપમેન્ટ' નામનો અલગ ગ્રંથ રચ્યો. ઈ સ. ૧૯૨૭માં તેમને લિંગશરીર (Astral Body)ના બહિઃપ્રક્ષેપણ (Projection)ના બાર વર્ષોના અનુભવી સિલવાન મુલદૂન નામના વ્યક્તિના પત્રો મળ્યા, જેમાં લેન્સેલીનની જાણમાં ન હતી તેવી કેટલીક પરામનોવિજ્ઞાનગત બીનાઓના અનુભવની વાતો તેણે જણાવી. પછી આ અનુભવોનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરીને કેરિંગ્ટને મુલદૂનનાં સાથમાં લિંગશરીરના બહિઃપ્રક્ષેપણને લગતો ગ્રંથ પ્રકાશિત કર્યો, જેમાં લિંગશરીર તથા તેની અંતર્ગત રહેલા કારણશરીરના અસ્તિત્વને લગતા સ્વાનુભવો તથા સાબિતીઓ રજૂ કરી છે.[૨૪] હમણાં હમણાં ઈ. સ. ૧૯૮૦માં અમેરિકામાંના મૅટા સાયન્સ કોર્પોરેશને મૃત્યુ પછીની જીવની અવસ્થાને લગતાં જ્યોર્જ મીકનાં સંશોધનો પ્રકાશિત કર્યાં છે.[૨૫]

અમેરિકામાં કેલિફોર્નિયાની સ્ટેનફોર્ડ રીસર્ચ ઈન્સ્ટીટયૂટના ડિપાર્ટમેન્ટ ઑવ મટીરિયલ સાયંસના અધ્યક્ષ ડૉ. વિલિયમ ટીલર નામના ભૌતિકવિજ્ઞાનીએ મનુષ્યમાત્રના અસ્તિત્વના (Being)ના સાત સ્તરો (levels) અથવા કલેવરો અંગે વૈજ્ઞાનિક સંશોધન કર્યું છે. આ સાત સ્તરોને તે ફિઝિકલ (પી), ઈથરિક (ઈ), ઍસ્ટ્રલ (એ), માઇન્ડ (એમ ૧, એમ ૨, એમ ૩) અને સ્પીરીટ (એસ) એવા નામે ઓળખાવે છે. અને એમાંના દરેકનો સંબંધ હઠયોગમાં નિરૂપાયેલા સાત ચક્રો, કરોડરજ્જૂમાંથી શરીરમાં પ્રસરતા મજ્જાતંતુઓ કે નાડીઓ તથા પીનિયલ, પીચ્યુટરી, થાઈરોઈડ, થાયમલ, ઍડ્રિનલ અને લીડન અથવા ગોનાડ્ઝ વગેરે ગ્રંથિઓ સાથે સાંકળે છે.[૨૬] કેલિફોર્નિયામાંની મૅટા સાયંસ લેબોરેટરીના સંશોધક વિજ્ઞાની જ્યોર્જ મીક પણ આ હકીકતનું પોતાના અલગ સંશોધનના આધારે સમર્થન કરે છે.[૨૭] જ્યોર્જ મીકની લેબોરેટરીમાંના યૂજીન ફ્લિડ, સારાહ ગ્રાન, હાન્સ હેકમાન, જ્હોન પૉલ જોન્સ, લિલિયન સ્કોટ વગેરે સંશોધકોને આજથી વીસ, ત્રીસ કે ચાલીસ વર્ષો પૂર્વે મૃત્યુ પામેલા ડૉ. જેસે હરમન હોમ્સ (૧૮૯૬-૧૯૪૦), એફ. સ્કોટ ફિટ્ઝરાલ્ડ (૧૮૮૦-૧૯૭૬), યૂજીન ફિલ્ડ (૧૮૫૦-૧૮૯૫) રફસ જોન્સ (૧૮૬૩-૧૯૪૮) મૅરી રૉબર્ટસ રૂહાઇનહાર્ટ (?-૧૯૫૮) ડૅરોથી પાર્કર (૧૮૯૩-૧૯૬૭) ઍલ્લન સીજર (૧૮૮૮-૧૯૧૬) અને ઍડગર રાઈસ બરોઝ (૧૮૭૫-૧૯૫૦) જેવા વૈજ્ઞાનિકોને માધ્યમ દ્વારા સહકાર સાંપડયો છે અને એમણે ઇન્દ્રિયાતીત જગતનાં અનેક રહસ્યો આજે આપણી સમક્ષ ખુલ્લાં મૂકવા માંડયાં છે.[૨૮]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. સૂક્ષ્મ શરીરો વિશે વૈજ્ઞાનિકોનાં સંશોધનો

સિલ્વન મુલડૂને લિંગશરીર (ઈથરિક અને ઍસ્ટ્રલ)ના દ્રવ્યગત સ્વરૂપ વિષે જણાવતાં કહ્યું છે કે પ્રાણ (life-force)નું બનેલું છે, અને તેમાંની શક્તિનો પુરવઠો તે રોજેરોજ નિદ્રા દરમિયાન સ્થૂળ શરીરથી આશરે છ એક ઈંચ જેટલું છૂટું પડીને વૈશ્વિક પ્રાણ સાથે સીધો સંબંધ ધરાવતું બનીને મેળવી લે છે.[૨૯] ડૉ. જેસી હરમન હૉમ્સ અને તેમના જૂથના વૈજ્ઞાનિકોએ પણ વૈશ્વિક જગતના પણ ફિઝિકલ લોએસ્ટ એસ્ટ્રલ, ઇન્ટરમિજીએટ ઍસ્ટ્રલ, હાઇએસ્ટ ઍસ્ટ્રલ, મૅન્ટલ ઍન્ડ કૉઝલ, સિલેસ્ટીયલ અને કૉસ્મિક એમ સાત સ્તર કે લોક અંગે માહિતી આપી છે, અને મૃત્યુ પછી મૅન્ટલ પ્લેન સુધી પહોંચવા જેટલો આધ્યાત્મિક વિકાસ પામેલ જીવાત્માઓને તે પછીના સિલેસ્ટીયલ પ્લેન માટેના જરૂરી આધ્યાત્મિક વિકાસ અર્થે અંતિમ મનુષ્ય અવતાર (ફાઈનલ રીબર્થ)ની તક મળે છે એ રહસ્ય ઉપરાંત દેવો સિદ્ધો વગેરે સિલેસ્ટીયલ પ્લેનમાં રહે છે, અને કૉસ્મિક પ્લેનમાં એકીભાવ કે અદ્વૈતભાવ કે નિર્વાણની અવસ્થામાં શુદ્ધચૈતન્ય જ અસ્તિત્વ ધરાવે છે એ રહસ્ય પ્રગટ કર્યું છે.[૩૦] આ કૉસ્મિક પ્લેનને ઉપનિષદોમાંના મોક્ષ કે કૈવલ્ય કે જૈન આગમોમાંના અને બૌદ્ધ પિટકોમાંના નિર્વાણ તરીકે ઓળખીએ છીએ. જ્યારે સિલેસ્ટીયલ પ્લેનને વેદ અને બ્રાહ્મણગ્રંથોમાંના વિષ્ણુપદ તરીકે સહેલાઈથી ઓળખી શકાય છે. ડૉ. હૉમ્સે આ સાત પ્લેનનો મનુષ્યના સાત સ્તરો સાથે સીધો સંબંધ હોવાનું જણાય છે.[૩૧]

જ્યોર્જ મીકે સ્પષ્ટતા કરી છે કે મનુષ્યના અસ્તિત્વના ઉપરોક્ત સાત સ્તરોમાંથી સ્થૂળ-શરીર અને લિંગશરીર (ઈથરિક કે બાયોપ્લાઝમિક ડબલ) એ બે સ્તરો મનુષ્ય નજરે જોઈ શકે તેવા છે.[૩૨] સામાન્ય મનુષ્ય તો કેવળ સ્થૂળશરીરને જ જોઈ શકે છે, જ્યારે લિંગશરીરને અમુક પ્રકારનાં પ્રાણીઓ, અને વિશિષ્ટ પ્રકારના આરસા કે લેન્સવાળા યંત્રોની મદદથી અથવા અમુક તાંત્રિક કે યૌગિક સિદ્ધિ પ્રાપ્ત કરેલા મનુષ્યો જોઈ શકે છે. કેટલીક વાર સામાન્ય મનુષ્યોને પણ અમુક વિશિષ્ટ સંજોગોમાં લિંગશરીર ક્ષણભર નજરે પડી જાય છે, પણ પછી તેમના શરીર પર તેની ખૂબ માઠી અને કવચિત્ જીવલેણ અસર પડી જાય છે. આ લિંગશરીર પ્રાણના સૂક્ષ્મતમ પરમાણુઓનું બનેલું હોય છે અને તેને વિશિષ્ટ રંગવાળું આભામંડળ (Aura) હોય છે.[૩૩] આ આભામંડળ સ્થૂળશરીરના આકારને અનુસરતું અને સ્થૂળશરીરમાં વ્યાપીને તેની બધી બાજુ આશરે છ ઈંચ જેટલું બહાર સુધી પ્રસરેલું હોય છે. [૩૪]

૬. ઉપસંહાર

પરામનોવિજ્ઞાનનાં સંશોધનોની આ પશ્ચાદ્ભૂમિકાને લક્ષમાં રાખીને આપણે ઋષિમુનિઓ, જૈન તીર્થંકરો અને બુદ્ધ ભગવાને પ્રબોધેલ ઉપદેશોમાં જીવ અંગે જે વિચારો રજૂ કર્યા હતા તેની તપાસણી કરીએ તો નવી જ દૃષ્ટિ પ્રાપ્ત થશે. વૈશ્વિક જગતના ઉપરોક્ત સાત પ્લેન અને મનુષ્યના અસ્તિત્વની સ્થૂળ શરીરથી આરંભીને ઉપર જણાવેલા સાત સ્તરોમાંથી કયા સ્તરને લક્ષમાં રાખીને આ આર્ષદ્રષ્ટાઓ પોતાનો ઉપદેશ આપતા એ સમજીએ તો મૂળ દ્રષ્ટાઓનાં મંતવ્યો વચ્ચેનો વિરોધાભાસ આપણા અજ્ઞાન ઉપર આધારિત, અને આપણે જેને સર્વોચ્ચ માની બેઠા છીએ તે બુદ્ધિની ટૂંકી પહોંચને આભારી છે તેની પ્રતીતિ થયા વિના નહીં રહે. આદ્ય શંકરાચાર્યે જ્યારે જીવ બ્રહ્મની એકાત્મતા કે અદ્વૈતની વાત કરી ત્યારે તે અંતિમ કક્ષાના પરમ સત્ય (Absolute

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Truth)ને પારમાર્થિક દૃષ્ટિએ વિચારતા હતા, અને જ્યારે તેમણે વિવિધ દેવદેવતાઓનાં ઉપાસનાપરક સ્તોત્રો રચ્યાં ત્યારે તે વ્યાવહારિક સત્યની કક્ષાએ વિચારતા હતા. જ્યારે બુદ્ધ ભગવાને જીવના અસ્તિત્વ કે સ્વરૂપ અંગે કશી સ્પષ્ટતા ન કરતાં શૂન્ય કે નિર્વાણને લગતો ઉપદેશ કર્યો ત્યારે તે પરમ સત્યની પારમાર્થિક ભૂમિકાનો ઉલ્લેખ કરતા હતા, અને તેથી જ તેમણે નિર્વાણથી અવિદ્યા સુધીની જીવનબંધકારક કારણશૃંખલાનું જીવનસાધનાની જીવોપકારક બુદ્ધિ, વ્યાવહારિક ભૂમિકાએ નિરૂપણ કર્યું. કપિલે સૂક્ષ્મ વિશ્લેષકની દૃષ્ટિ રાખીને પુરુષ-પ્રકૃતિના વિવેકજ્ઞાનને પાયામાં રાખીને વ્યાવહારિક ભૂમિકાએ જીવબહુત્વ, લિંગશરીર, જીવબંધકારક કારણો વગેરેનું સ્પષ્ટીકરણ કર્યું. ગૌતમે બુદ્ધિપ્રવણ મનુષ્યોને તાર્કિક પ્રતીતિ દ્વારા જીવધર્મનું દર્શન કરાવવા તથા કણાદે સૃષ્ટિમાંના પંચમહાભૂત કાળ, દિશા અને મનથી આત્માને અલગ દર્શાવવા અનુભવમૂલક તાર્કિક દૃષ્ટિ રજૂ કરી અને પરમાણુકારણવાદનો આશ્રય લીધો. જૈન તીર્થંકરોએ સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન, સમ્યક્ ચારિત્ર્ય એ ત્રિવિધ રત્નોની ઉત્તરોત્તર અધિક મૂલ્યવત્તા લક્ષમાં રાખીને, કર્મના પાયાના સૂક્ષ્મ વૈશ્વિક કાયદાને કેન્દ્રમાં રાખી, અણિશુદ્ધ વ્યાવહારિક દૃષ્ટિકોણથી જીવના સ્વરૂપનું નિરૂપણ કર્યું હોવાથી તેમણે મનુષ્યના અસ્તિત્વના નીચેના બે સ્તરોને જ પ્રસ્તુત લેખ્યા, અને તેમને લગતી રહસ્યમય હકીકતોને તેમણે પોતાના ઉપદેશમાં નિરૂપી. મનુષ્યના અસ્તિત્વના ઉપર દર્શાવેલા સાત સ્તરોમાંના દરેક પરસ્પર નીચેનામાં વ્યાપેલા રહે છે અને જીવાત્મા સ્થૂળ શરીરને છોડી જાય ત્યારે બાકીના છ સ્તરો સહિત ઉચિત વૈશ્વિક લોક તરફ પ્રયાણ કરે છે અને પછી બીજા શરીરમાં ફરીથી જન્મ લેવા પ્રવેશે ત્યારે પણ એ છ સ્તરો તેની સાથે જ રહે છે, છતાં અતીન્દ્રિય દૃષ્ટિને તો ઍસ્ટ્રલ સુધીના બે કે ત્રણ સ્તર જ નજરે પડે છે તે હકીકતને વાસ્તવવાદી પ્રત્યક્ષપ્રિય તીર્થંકરોએ ખાસ લક્ષમાં રાખી છે. બીજી બાજુ તેમણે જીવને પ્રદીપની સાથે સરખાવ્યો છે તેમાં તો ઉપનિષદના ઋષિઓ સાથે તેઓ એકમત હોવાનું દર્શાવે છે, અર્થાત્ જીવાત્માના શુદ્ધચૈતન્ય સ્વરૂપ અંગે એમને જાણકારી જ નહોતી એવું નથી. કેવળજ્ઞાન પ્રાપ્ત કરેલા તીર્થંકરોને એ જ્ઞાન ન હોય તે સંભવિત નથી. પરંતુ એ કક્ષાના જ્ઞાનને સામાન્ય મનુષ્યોને ઉપયોગી વાસ્તવવાદી ઉપદેશમાં વણવાથી અનુયાયીઓ માટે, વેદાન્તી કે બૌદ્ધ સાધકોની જેમ, ભ્રમમાં અટવાવાની વધુ શક્યતા છે, અને તેથી જીવાત્માની મોક્ષ માટે, જરૂરી કર્મક્ષય, તેના પરિણામે શુદ્ધ જ્ઞાન, તેના પરિણામે શુદ્ધ દર્શન અને તેના દ્વારા મોક્ષ માટે ઉપકારક શુદ્ધ આચારની સાધનામાં વિક્ષેપ આવશે એવી અણિશુદ્ધ વ્યાવહારિક–વણિગ્બુદ્ધિવાળી–દૃષ્ટિ રાખીને કિંચિત્ તપઃસિદ્ધિ કે અતીન્દ્રિય જ્ઞાન થતાં જ સાક્ષાત્ અનુભવની કક્ષામાં આવી પડે તેવા લિંગશરીરની ભૂમિકાથી જ જીવસ્વરૂપનું નિરૂપણ તેમણે કર્યું. અને તેથી જ તેમણે જીવને શરીરપરિમાણ પ્રબોધ્યો, તેથી જ તેમણે જીવના પુદ્ગલ-પરમાણુમય શરીર અને તેમાંની નીલ, કાપોત, તેજ, પદ્મ, શુકલ અને કૃષ્ણ લેશ્યા–તેજશ્છટા–કે આભામંડળ (Aura)ને લગતી હકીકતો નિર્દેશી. આધુનિક પરામનોવિજ્ઞાને સિદ્ધ કર્યું છે કે મનુષ્યના માનસિક ભાવોમાં ફેરફાર થતાં જ તેના આભામંડળમાંના રંગોમાં પણ પરિવર્તન આવે છે અને મનુષ્યનો આધ્યાત્મિક વિકાસ થતાં તેના મનના સ્થાયી, ભાવપિંડનું આભામંડળ ઉત્તરોત્તર વધુ તેજસ્વી થવા લાગે છે. જૈન તીર્થંકરોની લેશ્યાને લગતી વિચારણા આ દૃષ્ટિએ ખાસ સમજવા જેવી છે. આધુનિક પરામનોવિજ્ઞાનનાં જ સંશોધનોને યુવાચાર્ય મહાપ્રજ્ઞે જૈન પરિભાષામાં વણીને રજૂ કર્યાં છે,[૩૫] તેનું રહસ્ય આ લેખમાંની સામગ્રીને આધારે સમજમાં આવશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંદર્ભો :

૧. ઉમાસ્વાતિ—तत्त्वार्थसूत्र, २. १० : संसारिणो मुक्ताश्च ।
૨. વાદિદેવસૂરી—प्रमाणनयतत्त्वालोक, ७. ५५. ५६ : प्रमाता प्रत्यक्षादिप्रसिद्ध आत्मा । चैतन्यस्वरूपः परिणामी कर्ता साक्षाद्भोक्ता स्वदेहपरिमाण प्रतिक्षेत्रं भिन्नः पौद्गलिकादृष्टवाँश्चायम् ।
૩. પંડિત સુખલાલજી સંઘવી—ભારતીય તત્ત્વવિદ્યા (મ. સ. યુનિ., વડોદરા, ૧૯૫૮) પૃ. ૫૩–૫૪.
૪. ઉમાસ્વાતિ—त. सू. ५. ३ : नित्यावस्थितान्यरूपाणि ।
૫. उत्तराध्ययनसूत्रम्, २८.११ : नाणं च दंसणं चेव चरित्तं च तवो तहा ।
वीरियं उवओगो य एयं जीवस्स लक्खणं ॥
૬. ઉમાસ્વાતિ—त. सू. २.२६.२९ : विग्रहगतौ कर्मयोगः । विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः ।
૭. ગણધરવાદ, ગાથા ૧૬૩૮.
૮. ઉમાસ્વાતિ—त. सू. ५.१५–१६ : असंख्येयभागादिषु जीवानाम् । प्रदेशसंहारविसर्गाभ्यां प्रदीपवत् ।
૯. પંડિત સુખલાલજી સંઘવી—ભા.ત.વિ., પૃ. ૫૩.
૧૦. એજન, પૃ. ૫૮.
૧૧. भगवद्गीता, १०.१६ : ...सिद्धानां कपिलो मुनिः ।
૧૨. श्रीमद्भागवतम् १.३.१० : पंचमः कपिलो नाम सिद्धेशः कालविप्लुतम् ।
प्रोवाचासुरये सांख्यं तत्त्वग्रामविनिर्णयम् ॥
૧૩. बृहद्योगियाज्ञवल्क्यस्मृति, १२.५ : हिरण्यगर्भो योगस्य प्रोक्ता नान्यः कदाचन ॥
૧૪. वायुपुराणम्, २३.२१६.
૧૫. कठोपनिषद् १.२.९.
૧૬. जैनेन्द्रसिद्धान्तकोश, भाग २, (संपादक क्षु. जिनेन्द्र वर्णी, प्रका. भारतीय ज्ञानपीठ, वाराणसी १९४४), पृ. ३३०–३३८.
૧૭. पण्णवणासुत्तं (પં. ભગવાનદાસ સંપાદિત), પૃ. ૫૨૭.
૧૮. रायपसेणइय (પં. બેચરદાસ સંપાદિત આવૃત્તિ), પૃ. ૩૧૪.
૧૯. એજન, પૃ. ૩૨૪.
૨૦. એજન, પૃ. ૩૨૪.
૨૧. Nona Coxhead—Mind Power, (Penguin Books, 1976) pp 17–25.
૨૨. Ibid; pp. 257–262.
૨૩. Ibid; pp 218–220.
૨૪ Sylvan Muldoon & Hereward Carrington—The Projection of the Astral Body (Pub. Rider & Co., London, 1974).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૫. George W. Meek—After We Die, What then? (Publ. Meta Science Corporation Publications Division, Franklin, U. S. A., 1980).
૨૬. Tiller, W.A.—The Transformation of Man. Monograph, U.S.A., 1970; Nona Coxhead, op. cit., pp. 202-207.
૨૭. Meek—op. cit., pp. 37-39.
૨૮. Dr. Jesse Herman Holmes and the Holmes Research Team—As We See It From Here (Meta Science Corporation Publication Division, U.S.A., 1980).
૨૯. Muldoon & Carrington, op. cit., pp. 122-125.
૩૦. Holmes, etc.—op. cit., pp. 63-100.
૩૧. Ibid, pp. 92-103.
૩૨. Meek-op. cit., pp. 37-38.
૩૩. Holmes, etc.,—op. cit., pp. 77-79.
૩૪. Coxhead, op. cit., pp. 105-152.
૩૫. યુવાચાર્ય મહાપ્રજ્ઞ—આભામંડળ (સંપાદક: મુનિ દુલહરાજ, અનેકાન્તભારતી પ્રકાશન, અમદાવાદ, ૧૯૮૨).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org